**કલ્પવૃક્ષ એજ્યુકેશન ટ્રસ્ટ, ભાભર સંચાલિત**

# ***વૈદ્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ વેટરનરી રિસર્ચ એન્ડ એજ્યુકેશન, ભાભર***

(કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર સંલગ્ન થનાર)

**જાહેરાત ક્રમાંકઃ ૦૧ /૨૦૨૩**

વૈદ્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ વેટરનરી રિસર્ચ એન્ડ એજ્યુકેશનની નીચે દર્શાવેલ બિન શૈક્ષણિક સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ઉમેદવારો પસંદ કરવા માટે શૈક્ષણીક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ફાર્મ મેનેજર | ૧ |
| ૨ | આસીસ્ટન્ટ ફાર્મ મેનેજર | ૨ |
| ૩ | મદદનીશ વહીવટી અધિકારી | ૧ |
| ૪ | પશુચિકિત્સા અધિકારી | ૨ |
| ૫ | લેબોરેટરી ટેક્નીશ્યન | ૫ |
| ૬ | લાઇવસ્ટોક ઇન્સપેક્ટર | ૩ |
| ૭ | એકસરે ટેક્નીશ્યન | ૧ |
| ૮ | સીનીયર ક્લાર્ક | ૨ |
| ૯ | જૂનિયર ક્લાર્ક | ૩ |
| ૧૦ | રેકોર્ડ કીપર | ૧ |
| ૧૧ | રજીસ્ટ્રેશન આસીસ્ટન્ટ | ૧ |
| ૧૨ | લેબોરેટરી એટેન્ડન્ટ | ૧૦ |

જાહેરાત અંગે વિગતવાર માહિતી જેવી કે જાહેરાત, અરજી કરવાની પદ્ધતિ અરજી ફીની વિગત વગેરે જરૂરી વિગતો **વૈદ્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ વેટરનરી રિસર્ચ એન્ડ એજ્યુકેશન ની વેબસાઇટ** **www.vei .edu.in** ઉપર તા.૩૦/૧૦/૨૦૨૩ના રોજથી જોવા મળશે.

**તારીખ:૩૦/૧૦/૨૦૨૩** **ટ્રસ્ટી,**

**કલ્પવૃક્ષ એજ્યુકેશન ટ્રસ્ટ, ભાભર**

કલ્પવૃક્ષ એજ્યુકેશન ટ્રસ્ટ, ભાભર સંચાલિત

# *વૈદ્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ વેટરનરી રિસર્ચ એન્ડ એજ્યુકેશન, ભાભર*

(કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર સંલગ્ન થનાર)

**જાહેરાત ક્રમાંકઃ ૦૧/૨૦૨૩**

---------------------------------------------------

કલ્પવૃક્ષ એજ્યુકેશન ટ્રસ્ટ, ભાભર સંચાલિત વૈદ્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ વેટરનરી રિસર્ચ એન્ડ એજ્યુકેશન, ભાભર માં બિન-શૈક્ષણિક વહીવટી સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નીચે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જાહેરાત ક્રમાંકઃ ૦૧/૨૦૨૩ થી અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ ટ્રસ્ટ ની website: www.vei.edu.in ઉપર દર્શાવેલ લીંક મારફતે અરજીપત્રક ડાઉન લોડ કરીને મેળવી શકાશે. ઉમેદવારો ઓનલાઇન અરજી ડાઉન લોડ કરી, ઇ - મેલ થી એડવાન્સ કોપી તરીકે મોકલી શકાશે જ્યારે અરજીપત્રકના ભરેલા ફોર્મ સાથે બિડાણ કરેલ ડોક્યુમેન્ટ્સ હાર્ડ કોપીમાં તા. ૩૦/૧૧/૨૦૨૩ અથવા તે પહેલા ટ્રસ્ટના સરનામુ:- કૃષ્ણા નર્સીંગ કોલેજ બિલ્ડીંગ, જલારામ ગૌશાળાની બાજુમા, ભાભર-સુઇગામ રોડ, ભાભર, તા.ભાભર, જિ.બનાસકાંઠા પર પહોંચે તેની કાળજી રાખવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ | પગાર (FIX PAY ?) | જગ્યાની લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | ફાર્મ મેનેજર | ૧ | ૪૪૯૦૦/- | B.V.Sc. & A.H. (GVC/VC member) |
| ૨ | આસીસ્ટન્ટ ફાર્મ મેનેજર | ૨ | ૪૪૯૦૦/- | M.Sc.(Agronomy) |
| ૩ | મદદનીશ વહીવટી અધિકારી | ૧ | ૪૪૯૦૦- | B.A./B.Com. |
| ૪ | પશુચિકિત્સા અધિકારી | ૨ | ૪૪૯૦૦/- | B.V.Sc. & A.H. |
| ૫ | લેબોરેટરી ટેક્નીશ્યન | ૫ | ૨૯૨૦૦- | B.Sc. |
| ૬ | લાઇવસ્ટોક ઇન્સપેકટર | ૩ | ૨૫૫૦૦/- | L.I./Diploma in A.H. |
| ૭ | એકસરે ટેક્નીશ્યન | ૧ | ૨૯૨૦૦/- | B.Sc. |
| ૮ | સીનીયર ક્લાર્ક | ૨ | ૨૫૫૦૦/- | H.S.C. Pass/3 Year Diploma in A.H./Allied sector |
| ૯ | જૂનિયર ક્લાર્ક | ૩ | ૧૯૯૦૦/- | H.S.C. Pass |
| ૧૦ | રેકોર્ડ કીપર | ૧ | ૧૯૯૦૦/- | H.S.C. Pass |
| ૧૧ | રજીસ્ટ્રેશન આસીસ્ટન્ટ | ૧ | ૧૯૯૦૦/- | H.S.C. Pass |
| ૧૨ | લેબોરેટરી એટેન્ડન્ટ | ૧૦ | ૧૯૯૦૦/- | S.S.C. Pass |

| | |
|---|---|
| ૧ | ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇએ. |
| ૨ | ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ધરાવતા હોવા જોઇએ. |
| ૩ | ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે. |
| ૪ | ઉમેદવારો નામ. સરકારશ્રીના વખતો-વખતના ઠરાવથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઇપણ સરકાર માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્ર અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ |
| ૫ | **ઓનલાઇન અરજી માટેની ફી :** રૂ. ૨૫૦+બેંક ટ્રાન્જેકશન ચાર્જ (ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.) |
| ૬ | **અરજી પત્રક ભરવા અંગેની માહિતી.** |
| | અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત અને સૂચનાઓ વાંચી, સમજી અરજી કરવાની રહેશે. ઉમેદવારે સૌપ્રથમ ટ્રસ્ટ ની વેબસાઇટ ઉપર આપેલ લીંક મારફતે અરજીપત્રક ડાઉન લોડ કરીને તે ભરવાનું રહેશે. જે ઇ-મેલ થી ટ્રસ્ટના ઇ-મેલ ઉપર એડવાન્સ કોપી તરીકે મોકલી શકાશે જ્યારે અરજીપત્રકના ભરેલા ફોર્મ સાથે બિડાણ કરેલ ડોક્યુમેન્ટ્સ હાર્ડ કોપીમાં તા. ૩૦-૧૧-૨૦૨૩ અથવા તે પહેલા ટ્રસ્ટના સરનામે પહોંચે તેની કાળજી રાખવાની રહેશે. |
| ૭ | **સામાન્ય સુચનાઓ:-** |
| | અરજી કરતી વખતે પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. ટ્રસ્ટ દ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી/અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને પસંદગી/નિમંણૂક રદ્દ કરવામાં આવશે. અરજી પત્રકમાં ભરેલી વિગતોની કોઇ પણ પ્રકારની ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે (પ્રોવિઝનલ એડમીશન) દાખલ કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે. પરંતુ પસંદ થયેલ ઉમેદવારોની નિમણૂંક તેમની જરુરી લાયકાત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધિન રહેશે. |

| | |
|---|---|
| ૮ | **પગાર ધોરણ : (ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામા આવે તે મુજબ)** |
| | અનુક્રમ નં-૫ થી ૧૨ સુધીની જગ્યાઓ નામ. સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ તેમજ વખતો વખત ઠરાવોની જોગવાઇઓને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ ફિક્સ પગારથી નિમણૂંક અપાશે તેમજ સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૮/૦૩/૧૬ના ઠરાવમાં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી જે તે પ્રવર્તમાન પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાપાત્ર થશે. તેમજ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ધારા ધોરણો લાગુ પડશે. |
| ૯ | **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ. |
| ૧૦ | ઉમેદવાર ગુજરાતી અને હિન્દી બંન્ને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. |
| ૧૧ | **ક્રમ નંબર-૧ થી ૪ની જગ્યાઓ ફાર્મ મેનેજર, આસીસ્ટન્ટ ફાર્મ મેનેજર, મદદનીશ વહીવટી અધિકારી અને પશુચિકિત્સા અધિકારી માટે જરૂર જણાયે લેખિત પરીક્ષા લેવામાં આવશે અથવા કરેલ અરજીઓને આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરી ઉમેદવારોને રૂબરૂ ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે. આ અંગે ટ્રસ્ટ દ્વારા જે આખરી નિર્ણય કરવામા આવે તે બંધનક્તા રહેશે.**<br>**નામ.સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ નં. પરચ-૧૦૨૦૧૫-૧૨૨૩-ક તા.૦૬/૧૧/૧૫ મુજબ વર્ગ-૩ સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણુંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview) ની જોગવાઈ રદ્દ થતાં ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે. જે મુજબ ક્રમ નંબર-૫ થી ૧૨ની જગ્યાઓ લેબોરેટરી ટેક્નીશ્યન, લાઇવસ્ટોક ઇન્સપેકટર, એકસરે ટેક્નીશ્યન, સીનીયર ક્લાર્ક, જૂનિયર ક્લાર્ક, રેકોર્ડ કીપર અને રજીસ્ટ્રેશન આસીસ્ટન્ટ માટે લેખિત/કોમ્પ્યુટર ટેસ્ટના આધારે ફાઈનલ મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.**<br>**ઉપર મુજબની જોગવાઇ હોવા છતા , સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ પર જરૂર જણાયે કરેલ અરજીઓને આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરી ઉમેદવારોને રૂબરૂ ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે તથા આ બાબતે ટ્રસ્ટ દ્વારા જે આખરી નિર્ણય કરવા અંગે ટ્રસ્ટનો અબાધીત અધિકાર રહેશે.** |
| ૧૨ | જો ઉમેદવાર વિધવા હોય અને તે અંગે સરકારશ્રીના ઠરાવ મુજબ નિમણૂંકમાં પ્રાધાન્ય મેળવવા માગતા હોય તો તે અંગે અરજીપત્રકમાં માહિતી આપવાની રહેશે. પાછળથી આ અંગેના દાવો કરી શકાશે નહિ.<br>સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ(૨) તેમજ સરકારશ્રીનાં વખતોવખતના સુધારા પરિપત્રમાં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત કસોટી, |

<table>
<tr><td></td><td>બીજા તબકકાની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ કે અન્ય કોઇ ટેસ્ટ આયોજીત કરવામાં આવે તો તેમાં એમ દરેક તબક્કાની પરીક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. ટ્રસ્ટ માંગે ત્યારે તેના તમામ પુરાવા (મેરેજ સર્ટીફીકેટ, પતિના ડેથ સર્ટીફીકેટ અને પુન: લગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ) ટ્રસ્ટ ને અસલમાં ફરજીયાત પણે રજુ કરવાના રહેશે. અન્યથા તેઓની ઉમેદવારી રદ્દ પાત્ર થશે.</td></tr>
<tr><td>૧૩</td><td>એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઇકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઇફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય/આંતર યુનિવર્સિટી/અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોએ અરજી ફોર્મમાં આ અંગેની વિગતો દર્શાવેલ હશે, તો તેઓને પસંદગીમાં અગ્રતા માટે તેમને માત્ર પ્રથમ તબક્કા ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખીત પરિક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રીના તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮૩૬૪૪/ગ.૨/ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ટ્રસ્ટ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારને જ રમતના ગુણ માટે હકકદાર થશે. રમત અંગેના પ્રમાણપત્ર માટે નિયત કરેલ સત્તાધિકારી તથા ફોર્મ્સનાં નમૂનાઓ જાહેરાતનાં અંતે સામેલ છે.</td></tr>
<tr><td>૧૪</td><td>પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો ટ્રસ્ટ નો હક્ક અબાધિત રહેશે.</td></tr>
<tr><td>૧૫</td><td>અરજીપત્રકમાં ભરેલ વિગતોની કોઈ પણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી, ટ્રસ્ટ દ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ website: https://www.vei.edu.in મારફત online કોલલેટર (હોલ ટીકીટ) ડાઉનલોડ થઈ શકશે. ઉમેદવારે અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ મોબાઈલ નંબર ચાલુ જ રાખવો તેમજ ટ્રસ્ટ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ વખતો વખત ટ્રસ્ટ ની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.</td></tr>
<tr><td>૧૬</td><td>સાદર જાહેરાત માટેની વિવિધ સૂચનાઓ વેબસાઈટ https://www. vei.edu.in પર મુકવામાં આવશે જેથી સમયાન્તરે ઉક્ત વેબસાઈટ જોતા રહેવું.</td></tr>
<tr><td>૧૭</td><td><u>અગત્યની તારીખો :</u>
<table>
<tr><th>ક્રમ</th><th>વિગત</th><th>તારીખ</th></tr>
<tr><td>૧</td><td>છાપામાં જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ</td><td>૩૦/૧૦/૨૦૨૩</td></tr>
<tr><td>૨</td><td>વેબસાઈટ પર જાહેરાત પ્રસિદ્ધ કરવાની તારીખ<br>https://www. vei.edu.in</td><td>૩૦/૧૦/૨૦૨૩</td></tr>
</table></td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | ૩ | સંપૂર્ણ ભરેલ અરજી હાર્ડ કોપીમાં આધારો સાથે મોકલી આપવાની છેલ્લી તારીખ | ૩૦/૧૧/૨૦૨૩ |